ગાંધીનગર સમાચાર

ગાંધીનગર આર્ટ ઓફ લીવીંગ દ્વારા યોગ શિબિર યોજાશે

## @ગાંધીનગર

● સે-૨ સ્વામીનારાયણ મંદિરના ૧૭મા વાર્ષિક પાટોત્સવ અંતર્ગત કથા પ્રારંભ ૮.૩૦ કલાકે, અન્નકુટ આરતી બપોરે ૧૧.૦૦ કલાકે યોજાશે.

● સે-૧૩, શ્રી લિમ્બચ માતાજી મંદિરના ૧૬મા પાટોત્સવ નિમિત્તે ધ્વજારોહણ સવારે ૯.૦૦ કલાકે, નવચંડી હવન ૧૦.૦૦ કલાકે, સન્માન સમારોહ બપોરે ૨.૦૦ કલાકે, શ્રીફળ હોમવાનો સમય સાંજે ૪.૩૦ કલાકે, પ્રસાદી સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.

● શહેરના સે-૧૫ ફતેપુરા મકાહાળી માતાજી મંદિરની ૧૮મી વર્ષગાંઠની ઉજવણી અને લગ્નહોલના શુભારંભનો કાર્યક્રમ તેમજ શોભાયાત્રા સવારે ૮.૩૫ કલાકે, માતાજીની પધરામણી સવારે ૯.૦૦ કલાકે તેમજ રાત્રે ૯.૦૦ કલાકે રાસ ગરબા યોજાશે.

● ઈન્દ્રધનુષ સોસાયટી મકાન નં. ૨૭ પોદ્દાર સ્કુલ સામે સીતારામભાઈ પટેલના નિવાસસ્થાને નવચંડી યજ્ઞ સવારે ૮.૧૫ કલાકે તેમજ બપોરે ૪.૧૫ કલાકે શ્રીફળ હોમાશે.

# આજે નૌકાદળનો સ્થાપના દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૩

દેશ ભારતીય નૌકાદળે ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં દાખવેલી નિર્ણાયક કામગીરીની ઉજવણીરૂપે દેશ ૪૬મો નૌકાદળ દિવસ ઉજવશે. ગુજરાત, દમણ અને દીવ નૌકાદળના વિસ્તારના રિઅર એડમિરલ સંદીપ બીચા ૩ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ગુજરાત, દમણ અને દીવ નૌકાદળના વિસ્તારના ગાંધીનગર સ્થિત હેડક્વાર્ટર ખાતે પત્રકારોને સંબોધન કર્યું હતું.

એડમિરલે રાષ્ટ્ર પ્રત્યે ભારતીય નૌકાદળના પ્રદાન વિશે જાણકારી આપતા જણાવ્યું હતું કે, “ભારતીય નૌકાદળ રાષ્ટ્રીય હિતોનું સંરક્ષણ કરવા વિવિધ અને વિસ્તૃત કામગીરી અદા કરે છે. તેમાં આપણા આર્થિક, ભૌગોલિક, સૈન્ય, ભૂવ્યૂહાત્મક હિતો સામેલ છે, જેમાં આપત્તિમાં રાહત અને માનવીય સહાય કામગીરીઓ પણ સામેલ છે. ઉપરાંત ભારતીય નૌકાદળ હિંદ સમુદ્રથી લઈને પશ્ચિમ પ્રશાંત સુધીના ભારતીય કિનારાઓ સુધી ભારતીય રાજદ્વારી પ્રયાસોના વિસ્તાર સ્વરૂપે નોંધપાત્ર ભૂમિકા પણ ભજવે છે.”



ફ્લેગ ઓફિસરે ગુજરાતમાં નૌકાદળની મજબૂત હાજરીનું મહત્ત્વ પણ સમજાવ્યું હતું, જે આપણા રાષ્ટ્રીય હિતો માટે પ્રતિકૂળ કટોકટીની કોઈ પણ સ્થિતિનો સામનો કરવા સક્ષમ છે. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય નૌકાદળ માટે ગાંધીનગરમાં ગુજરાત, દીવ અને દમણનો નૌકાદળના વિસ્તાર માટે હેડક્વાર્ટર સ્થાપિત કરવું આ દૂરદ્રષ્ટિનું જ પરિણામ છે.

ભારતીય નૌકાદળ આપણા દરિયાઈ ક્ષેત્રમાં સુરક્ષા સાથે સંબંધિત વિવિધ પડકારોને પહોંચી વળવા ક્ષમતા સંપાદિત કરવાની અને આપણા કાર્યકારી કાર્યશૈલીને પુનઃસંગઠિત કરવાની પ્રક્રિયામાં પણ છે/આ હેતુને પાર પાડવા યુદ્ધ માટે ઉપયોગી જહાજો, સબમરિન, વિમાન, લડાયક વિમાનો અને અન્ય સંભવિત પ્લેટફોર્મ હાંસલ કરી રહી છે. ગુજરાત નૌકાદળના ક્ષેત્ર માટે ફ્લેગ ઓફિસરની નવી નિમણૂક અને પોરબંદરમાં આઈએનએસ સરદાર પટેલ નામની નૌકાદળની નવી છાવણી કાર્યરત કરવામાં આવી છે, જે ગુજરાતમાં લાંબા દરિયાકિનારાની આસપાસ દરિયાઈ સુરક્ષાને મજબૂત કરવા વિવિધ પરિવર્તનોને સામેલ કરવામાં આવ્યાં છે.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લાના તમામ તબીબી અધિકારીઓની રીવ્યુ બેઠક શનિવારે યોજાઈ હતી. બેઠકમાં વિભાગીય નિયામક દિનકર રાવલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

● પર્યાવરણની જાળવણી સાથે કચરાનો પુનઃ ઉપયોગ અથવા યોગ્ય નિકાલ અંગેની ટેકનોલોજી પ્રદર્શિત કરતું ‘વેસ્ટેક ઈન્ટરનેશનલ સમિટ’નું મહાત્મા મંદિરે મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન થયું છે. જેમાં અનેક મુદ્દે નિષ્ણાતોના વકતવ્યોનું આયોજન કરાયું છે. સમિટમાં ચેન્નાઈથી ઝીરો વેસ્ટ વિષયે વકતવ્ય આપવા આવનાર ડૉ. સ્વામીને બે દિવસ પૂર્વે અકસ્માત નડતા તેઓ આવી શકયા નહોતા.

● ગાંધીનગરના સચિવાલય ખાતેના આઈસીઆઈસીઆઈ બેંકના એટીએમમાં રૂ. ૫૦૦ની નવી નોટોનો જથ્થો આવ્યો હતો. જો કે આ જથ્થો ગણતરીના સમયમાં જ પુરો થઈ જતા જુજ કર્મચારીઓને ૫૦૦ની નવી નોટના દર્શન થવા પામ્યા હતા.

● શહેરમાં લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખિલી ઉઠી છે જેમાં રવિવારે અઢળક લગ્ન સમારંભોના આયોજનો હાથ ધરાયા છે. રાત્રિના સમયે લગ્ન પ્રસંગે આયોજિત કરાતા રાસ ગરબાના કાર્યક્રમો સમયસર બંધ કરાવવા પોલીસ સમય થતા જ નીકળી પડે છે.

## શહેરના થ્રો-બોલના ખેલાડીની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત થ્રો-બોલ રમતની



રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં અન્ડર-૧૯ કેટેગરીમાં ગાંધીનગરના ખેલાડી રવિ રાજેશ બોધાએ ભાગ લીધો હતો. રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામનાર ખેલાડી રવિ બોધા શહેરની માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં ધો-૧૨ કોમર્સમાં અભ્યાસ કરે છે. એસજીઆઈએફની થ્રો-બોલની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા તા. ૨૬થી ૩૦ નવેમ્બર દરમિયાન તેલગાંણા રાજયના હૈદરાબાદ ખાતે યોજાઈ હતી.

## જીઆઈપીએસમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તા. ૩-૧૨-૨૦૧૬ના રોજ ધોરણ ૧ થી ૫ માટે કાવ્ય પઠન અને ધોરણ ૬ થી ૯ માટે વકતૃત્વ સ્પર્ધાનું યોજન કરવામાં આવ્યું હતુ. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રજૂઆત કરી હતી. બાળકો પોતાની આંતરિક શકિતઓને બહાર લાવી શકે અને તેમની મૌલિકતાને રજુ કરી શકે તે હેતુસર યોજવામાં આવેલ આ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્યએ અભિનંદન પાઠવ્યા હતા.

## નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ‘દિવ્યાંગ દિન’ ઉજવાયો

### હેત ફાઉન્ડેશન સંલગ્ન દિવ્યાંગ બાળકો વિજ્ઞાનના પ્રયોગો તથા જાદુના ખેલ જોઈ રોમાંચિત

ગાંધીનગર, તા.૩

યુનાઈટેડ નેશન્સ દ્વારા ઈ.સ. ૧૯૯૨ની દર વર્ષે ૩જી ડિસેમ્બર વિશ્વ દિવ્યાંગ દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ એ છે કે વિકલાંગતા ધરાવતા લોકો પ્રત્યે સંવેદનશીલ બનીએ અને તેમને સહારો આપીએ.

ગાંધીનગરના વિકલાંગ બાળકો માટે કામ કરતી સંસ્થા ‘હેત ફાઉન્ડેશન’ના દિવ્યાંગ બાળકો વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત માટે આવ્યા હતા. કુદરતે આપેલી શારિરીક ખોડ ખાંપણના કારણે સામાન્ય બાળકો જેવી તેમની સમજ હોતી નથી છતાં તેઓ આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવ્યા હતા.




નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલે વિશેષ ઉપસ્થિત રહીને આવા દિવ્યાંગ બાળકોને જાદુના તેમજ વિજ્ઞાનના વિવિધ પ્રયોગો બતાવ્યા હતા. આવા બાળકો વિજ્ઞાનના અઘરા નિયમ સમજી શકતા નથી પણ પ્રયોગો જોઈને તેમના મનમાં થતો રોમાંચ તેમના મુખ પર સ્પષ્ટ દેખાઈ આવતો હતો. બાળકો જાતે પણ નવા પ્રયોગો કરવા માટે તૈયાર થતા હતા. વિદ્યાર્થીઓએ વિજ્ઞાન કેન્દ્રમાં સાયન્સ મ્યુઝીયમ પણ નિહાળ્યું હતું. વિજ્ઞાનના વિવિધ મોડલ, પ્રદર્શન નિહાળી તેઓ ખુબ ખુશ થયા હતા. આ કાર્યક્રમમાં હેત ફાઉન્ડેશનના મીરાબેન ગઢવી તથા હેતશ્રીબેન ઉપસ્થિત રહ્યા હતા. સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર શિવાંગ પટેલ અને વિવેક મકવાણાએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રી વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી. પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમના નાના ભુલકાઓને ડી.એસ.પી. ઓફિસની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં નાના બાળકોને ગાંધીનગરના સમગ્ર રોડ પર લગાવેલ કેમેરાનું ડિસ્પ્લે બતાવવામાં આવ્યું. હતું. જેમાં જુદા જુદા રોડ પર હેલ્મેટ વગર વાહન લઈને જતા રાહદારીને કેમેરામાં કેદ કરી મેમો દ્વારા દંડ અપાયો, રોડ પર થતા એકસીડન્ટ સમયે તાત્કાલીક શું કરવું તેની સમજ આપવામાં આવી હતી. તેમને પી.એસ.આઈ.ની ઓફિસ પણ બતાવવામાં આવી હતી અને દરેક પોલિસ અધિકારીએ બાળકો સાથે તેમની કામગીરી અંગેની ચર્ચા કરી બાળકોને હથિયારો અંગેની સમજ આપી હતી. ઉપરાંત તેનો કયા સમયે ઉપયોગ કરવો તે સમજાવવામાં આવ્યું હતું. સાથે બાળકોને ચોકલેટ આપી તેમના મનમાંથી પોલીસનો ભય દૂર કરી સલામતીના નિયમોની સમજ પણ આપવામાં આવી હતી.

## આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓ લાયબ્રેરીની મુલાકાતે

ગાંધીનગર, તા.૩

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૬ના વિદ્યાર્થીઓએ ગાંધીનગર ખાતે આવેલી સેન્ટ્રલ લાયબ્રેરીની મુલાકાત લીધી હતી. પુસ્તક આપણો સાચો મિત્ર છે. પુસ્તકોનું જીવનમાં વાંચન કરવાથી જીવન ઘડતર યોગ્ય રીતે થાય છે. પુસ્તકો આપણા જીવનમાં પરિવર્તનનું કામ કરે છે.

બાળકોમાં વાંચન વૃત્તિ કેળવાય અને લાયબ્રેરીના વિવિધ ભાગો તથા કાર્યોથી માહિતગાર થાય તે હેતુથી પુસ્તકાલયની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રંથપાલ સુરજીતભાઈ વાઘેલા અને સીમાબેન દેસાઈએ ગ્રંથાલયની સંપૂર્ણ માહિતી આપી હતી. વિવિધ પ્રકારના સામયિકો, લેખો, મેગેઝીન, દેશ વિદેશના નકશાઓ, સમાચાર પત્રો, સંદર્ભ સાહિત્યના પુસ્તકો વિશેની વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પુસ્તકાલયમાં ગોઠવેલ તમામ પુસ્તકોનું ઝીણવટથી અવલોકન કર્યું હતું. કેટલાક પુસ્તકોના નામ પણ નોંધ્યા હતા. દરેક વિદ્યાર્થીએ પોતાને પસંદ પડે તે પુસ્તકનું વાંચન પણ કર્યું હતું. વિદ્યાર્થીઓ સાથે શિક્ષક ભૂમિકાબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ માટે મુલાકાત યાદગાર બની રહી હતી.

## એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલનો એનએસએસ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૩

એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ શાળાનો એનએસએસ કેમ્પ તા. ૫મી ડિસેમ્બર ૨૦૧૬થી બોરીજ ખાતે શરૂ થઈ રહ્યો છે જેમાં આ વર્ષે સ્વયંસેવકો બેકિંગ સુવિધાની વિશેષ માહિતી બોરીજ ગ્રામજનોને આપશે. પ્રોગ્રામ ઓફિસર ડૉ. વર્ષા ભૂપેન્દ્ર પારેખના જણાવ્યા અનુસાર વર્તમાન સમયને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ એનએસએસના માધ્યમથી ઘરે ઘરે જઈ ગ્રામજનોને બેકિંગ સુવિધા અંગે માહિતી આપશે અને પ્રેકિટકલ જ્ઞાન પણ આપશે. આ સાથે વિશેષ નોંધનીય બાબત એ છે કે કેમ્પનું ઉદઘાટન ડૉ. આર.કે. પટેલ (નાયબ નિયામક, ઉચ્ચ શિક્ષણ વિભાગ)ના હસ્તે થશે. સર્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ આશીર્વચન આપશે. કેમ્પ દરમિયાન લાયોનેસ કલબ ગાંધીનગરના સહયોગથી પેપટેસ્ટ, કેલ્શિયમ ટેસ્ટ, ડેન્ટલ ચેક અપ, ડાયાબિટિશ, બ્લડપ્રેસર ચેક અપ, આંખોની તપાસ, રાહત દરે ચશ્માનું વિતરણ, મોતિયાના ઓપરેશન માટે કેમ્પ પણ યોજાશે. તે માટે લાયોનેસ પ્રેસિડન્ટ દેવલબેન જોષી અને સેક્રેટરી મિત્તલ રાણા ખુબ જ જહેમત ઉઠાવી રહ્યા છે. પર્યાવરણ જાગૃતિ, બેટી બચાવો-બેટી પઢાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, થેલેસેમિયા અવેરનેસ અંતર્ગત વકતવ્ય અને પ્રદર્શન, બોરીજ શાળા ધો-૮ના બાળકોને અંગ્રેજી વિષયનું શિક્ષણ, સાંસ્કૃતિક કાર્યક્રમો પણ એનએસએસના સ્વયંસેવકો દ્વારા આપવામાં આવશે.

પૂર્ણાહુતિ પ્રસંગે ભૂતપૂર્વ એનએસએસ એવોર્ડ વિજેતા વિદ્યાર્થીઓ આવી વર્તમાન સ્વયંસેવકોને પ્રોત્સાહિત કરશે. બોરીજ ગામના ગ્રામજનોને એનએસએસની પ્રવૃત્તિનો લાભ લેવા શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા આમંત્રણ પાઠવાયું છે.

## આજે શહેરમાં લકુલેશ યોગ યુનિવર્સિટી દ્વારા રજીસ્ટ્રેશન અને માર્ગદર્શન કેમ્પ યોજાશે

લકુલેશ યોગ યુનિવર્સિટી દ્વારા યોગનો માન્ય સર્ટીફીકેટ કોર્ષ કરવા ઈચ્છુક નાગરિકો માટે તા. ૪-૧૨-૨૦૧૬ને રવિવારના રોજ સાંજે ૫થી ૬ દરમિયાન સે-૨૩ શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે માર્ગદર્શન અને રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગનો કોર્ષ ધો-૧૦ પાસ ઉમેદવાર કરી શકે છે. આ કોર્ષ કરનાર ઉમેદવારને લકુલેશ યોગ યુનિ.નું પ્રમાણપત્ર આપવામાં આવશે. જયારે યોગના કલાસ શહેરમાં યોજાશે તેમજ યુનિ.ના માન્યતા પ્રાપ્ત યોગ શિક્ષકો દ્વારા યોગનું સચોટ પધ્ધતિસરનું માર્ગદર્શન અને શિક્ષણ આપવામાં આવશે.

## ગાંધીનગર આર્ટ ઓફ લીવીંગ દ્વારા યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૩

શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વારા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના લોકો માટે તા. ૬ ડિસેમ્બર ૨૦૧૬થી ૧૧ ડિસેમ્બર ૨૦૧૬ સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ બીજો માળ, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ, સે-૧૧ ખાતે યોજાશે. શિબિરમાં સ્વસ્થ શરીર માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતી માટે સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના લોકોમાં મુખ્યત્વે રહેલ તનાવ તથા અન્ય નકારાત્મક લાગણીઓ જેવી કે ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા વગેરેથી મુકત થઈ દરેક વ્યકિત વિશ્વ સ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત વ્યકિત થકી હિંસામુકત સમાજ બને તે છે. આ શિબિરમાં ભાગ લેવા તથા કોઈ પણ માહિતી માટે શિબિર સ્થળ પર અથવા સુરેશભાઈ પરમારનો ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવો તેમ જણાવાયું છે.

## દિલ્હી પબ્લિક સ્કુલ ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૩

દિલ્હી પબ્લીક સ્કૂલ ગાંધીનગર ખાતે આજ રોજ આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે એક વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૭ થી ૧૦ સુધીના





વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ધો-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે ‘પહચાન’ નાટક રજુ કર્યું હતું. ઓટીઝમ અને ડિસ્લેક્સિયા થી પીડાતા બાળકો પણ પોતાના દૃઢ મનોબળ, અસાધારણ ઈચ્છાશકિત અને સખત પરિશ્રમથી પોતાના ધ્યેય સુધી પહોંચી શકે છે તે વાત આ નાટકના માધ્યમથી વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરી હતી. આ બાળકો સમાજ, ઘર, શાળામાં કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરે છે, તેમની મનોવ્યથા શું છે અને એનું સમાધાન શું છે આ બધી વાતોને નાટકમાં ખૂબ જ ઝીણવટપૂર્વક રજુ કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાની ચૌધરી, ડિરેકટર રાકેશ ભગત તેમજ વાઈસ પ્રિન્સિપાલ કમલચંદ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રાકેશ ભગતે કર્યું હતું. રાની ચૌધરીએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે આ વિશિષ્ટ બાળકોને સામાન્ય બાળકોની જેમ જ સ્વીકારવા જોઈએ. તેમને આપણી દયાની જરુર નથી પરંતુ તેમની સાથે આપણે સામાન્ય બાળકોની જેમ જ વ્યવહાર કરવો જોઈએ જેથી આ બાળકો પણ સમાજમાં પોતાની એક ઓળખાણ-સ્થાન બનાવી શકે.

## નોટબંધીથી અર્થતંત્રમાં આવનારા ફેરફાર બાબતે વર્કશોપ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના તૃતીય વર્ષનાં તેમજ દ્વિતીય વર્ષનાં ૨૩૩ વિદ્યાર્થીઓ ઉપરોક્ત સાંપ્રત સમય માં ખુબ ચર્ચાની એરણે ચડેલ મુદ્દા બાબતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મનોજ પાત્રા સાહેબ ડેવલોપમેન્ટ ઓફિસર એલ.આઈ.સી ઈન્ડિયા દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજ તરફથી પ્લેસમેન્ટ અને ટ્રેનીગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના દ્વારા મુખ્ય વક્તાને આવકારવામાં આવ્યા હતા તેમજ તેમનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન





પ્રો. માર્ગી દેસાઈ તેમજ પ્રો. પ્રજ્ઞેશ નવલખા દ્વારા કરવામાં આવ્યું હતું. મનોજ પાત્રા દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય અર્થતંત્ર તેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ભૂમિકા તેમજ CRR.CLR, RRR સહીતનાં અનેક મુદ્દાઓ પર તાલ સ્પર્શી માહિતી આપવામાં આવી હતી. બેંક પાસેથી રિઝર્વ કઈ રીતે નાણા લે છે. તેમજ બેંકોને કઈ રીતે ધિરાણ આપે છે. તે બાબતે પણ ખુબ ઊંડાણ પૂર્વક વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. અન્ય દેશની આર્થિક વ્યવસ્થાઓની સરખામણી ભારતીય અર્થતંત્ર સાથે કરી ઉદાહરણ આપી વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. એફ ડી આઈ જી એસ ટી તેમજ અન્ય નીતિઓથી પડનારી અસરો તેમજ નોટ બંધીથી આવનાર હકારાત્મક ફેરફારો બાબતે વિદ્યાર્થીઓને ઊંડાણ પૂર્વક માર્ગદર્શન આપ્યું હતું અને ટૂંકા ગાળાની નાની તકલીફોને અવગણી લાંબા ગાળાનાં હિત માટે સજ્જ થવા આહવાન કર્યું હતું.

સમગ્ર વર્કશોપ વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે તેમ વિદ્યાર્થીઓએ તેમના અભિપ્રાયમાં જણાવ્યું હતું. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને અર્થતંત્ર સાથે સીધો સબંધ છે આથી આ મહત્વપૂર્ણ નિર્ણયને યોગ્ય રીતે સમજી તેના અમલીકરણમાં મદદરૂપ થઈ શકે તેમ તેમણે જણાવ્યું હતું.

સમગ્ર વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. પ્રજ્ઞેશ નવલખા, ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. મણીબેન કાનજીભાઈ પટેલ, ઉ.વ. ૬૭
- સ્વ. સમજુબેન કરશનભાઈ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. લતાબેન બીપીનચંદ્ર ગાંધી, ઉ.વ. ૬૬